**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૨ ટકા

# શહેરના દવા બજારને 'ઓનલાઈન'થી અસર

## શહેરના કેમિસ્ટસના જણાવ્યા મુજબ સરકારે ઓનલાઈન ફાર્મસીની મંજૂરી ન આપવી જોઈએ

ગાંધીનગર, તા.૨૨

**સરકાર દ્વારા ઓનલાઈન ફાર્મસીની મંજૂરી અપાતા શહેરના ફાર્માસિસ્ટસને અસર થશે આ સાથે દવાની અસરોની જાણકારી ધરાવતા લોકો પોતે જ દવાઓ લેતા થઈ જશે દવાની આડ અસરનો શિકાર પણ તેઓ બની શકે છે. ડોક્ટરના લખાણ વિના વેચી ન શકાતી જુદા જુદા શિડયુલ હેઠળની દવાની ઓનલાઈન પ્રિસ્ક્રિપ્શનની મદદથી ખરીદી બેફામ થવા લાગશે. ઓનલાઈન ફાર્મસીને મંજૂરી મળતા અડધા ભાગના કેમિસ્ટસને અસર થઈ શકે છે. કારણકે ફાર્મા કંપનીઓ પર હોલસેલરો કરતાં ઓનલાઈન મેડિસિન વેચનારાઓને ઊંચુ કમીશન આપે છે. શહેરના ફાર્માસિસ્ટસના કહ્યા મુજબ સરકાર દ્વારા ઓનલાઈન ફાર્મસીની મંજુરી ન આપવી જોઈએ.**

શહેરના કેમિસ્ટસના અભિપ્રાય

● **ઊર્વિશ ઠક્કર :**



ઓનલાઈન દવાઓના વેચાણના લીધે અમને વેચાણમાં ૨૦ ટકા જેટલી અસર થઈ રહી છે. હાલ આટલી અસર તો છે પરંતુ આ ટકાવારીમાં વધારો થઈ શકે છે. ગ્રાહકો જયારે દવાની યોગ્ય જાણકારી વગર ઓનલાઈન દવા ખરીદે તે જીવને જોખમ પહોંચાડી શકે છે. ડોકટરના લખાણ વગર જે નશાકારક દવા માર્કેટમાં નથી મળતી એ હવે ખોટા ડોકટરના લખાણ અપલોડ કરી ઓનલાઈન મેળવી શકાય છે જે ખરેખર નુકશાનકારક છે. ઓનલાઈન દવાના વેચાણથી દવાઓની ગુણવત્તા ઉપર પ્રશ્નાર્થ રહી શકે છે. ગ્રાહક થોડું સસ્તુ લેવામાં જીવ સાથે જોખમ ઉભું કરે છે. ઓનલાઈન દવા ખરીદતી લખતે ગ્રાહકને ખબર નથી હોતી કે દવા ફાર્માસિસ્ટ આપે છે કે કોઈ અલગ વ્યકિત અને જો ઓફલાઈન દુકાનમાંથી ખરીદી કરવામાં આવે તો રૂબરૂ કેમિસ્ટ પાસેથી દવા લઈ ગ્રાહક તેને થતા પ્રશ્નો તથા સમસ્યાઓનું નિદાન કરી શકે છે. દવાઓની ઓફલાઈન એક ચેઈન છે જે ઓનલાઈન દવાઓની મંજુરી મળવાથી ધીમે ધીમે તૂટી રહી છે. સરકાર ઓનલાઈન દવા વેચવાની મંજૂરી આપી નાના વેપારીઓના રોજગાર ઉપર ખતરો ઉભો કરી રહી છે.

● **પ્રમુખકુમાર પટેલ :**

ઓનલાઈન દવાઓના વેચાણથી અમને વેચાણમાં ૨૫ ટકા જેટલી અસર થઈ રહી છે. જયારે ઓનલાઈન વેચાણ કરતા ફાર્માસિસ્ટ હોતા પણ નથી દવાના લખાણ વિશે તેમને વધુ ખબર રહેતી નથી. ગ્રાહક ઓર્ડર કરે અને તે આપી દે છે પણ જો ગ્રાહક ફાર્માસિસ્ટ પાસે જાય તો તેઓ ને યોગ્ય જાણકારી મળી શકે છે. ડૉકટર જે દવાઓ લખી આપે તે વિશે દુકાનમાંથી દવાઓ ખરીદતી વખતે ફાર્માસિસ્ટને પુછી શકાય છે. જે ઓનલાઈન ખરીદી કરતી વખતે જાણવું અશકય છે. જેને



એક જ દવા રેગ્યુલર લેવાની છે તેઓ ઓનલાઈન ખરીદી કરી લે છે થોડા ડિસ્કઉન્ટ માટે પણ જેને દવા લેતી વખતે દવા વિશે વધુ માહિતી જોઈએ તે તો દુકાનમાં દવા ખરીદવા આવશે જ.

મારા મતે સરકારે ઓનલાઈન દવા વેચાણની મંજુરી ન આપવી જોઈએ કારણકે તેની સીધી અસર દવાના નાના વેપારીઓ પર થઈ રહી છે.

● **કમલ ઠક્કર :**

અમને ઓનલાઈન દવાઓના વેચાણથી ૩૦ ટકા જેટલી અસર થઈ છે. ઓનલાઈન દવા ખરીદતા કદાચ વધુ ડિસ્કાઉન્ટ તો મળે છે પણ જો ડોકટર દવા વચ્ચેથી બંધ કરાવી દે અને દવા પાછી આપવાની થાય ત્યારે ઓનલાઈન સ્ટોરમાં



દવા પાછી આપી શકાતી નથી જયારે અમારા પાસે દુકાનમાંથી ગ્રાહક દવા લઈ જાય અને આવી પરિસ્થિતિમાં અમે દવા પાછી લઈ લઈએ છીએ. ઓનલાઈન દવાઓની ગુણવત્તા જળવાયેલી નથી. જે દવાને સરકાર દ્વારા મંજુરી ન મળી હોય અને જે નશાવાળી દવા હોય તે ઓનલાઈન ઓર્ડર કરવાથી મળી જાય છે જે અમે ડૉકટરના લખાણ વગર નથી આપતા. જયારે ગ્રાહક ઓનલાઈન દવા મંગાવે ત્યારે એક જ નામની ભળતી દવા તેમને મોકલી દેવાય છે. એક જ જેવી ઘણી દવાઓ માર્કેટમાં મળતી હોય છે જેનાથી ચીટીંગ થઈ શકે છે અને દર્દીને દવા આપતા ડોકટર એવું જ વિચારે કે પેશન્ટને મટતું નથી પરંતુ ડોકટર ગ્રાહકના ઓનલાઈન ખરીદેલ દવાના વેચાણથી અજાણ હોય છે. જે દવા દર્દીને અસર જ ન કરી હોય અને પછી ડૉકટર બીજા હાઈ ડોઝ આપે છે એટલે આમ જોવા જઈએ તો ગ્રાહકોને જ નુકશાન છે. અમારે આખી ચેઈન છે જે ખોરવાય છે જેના લીધે નાના વેપારીઓમાં બેકારી વધશે.





### ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ પૂર્ણાહૂતિ સમારોહ

તા. ૧૭-૬-૨૦૯ થી ૨૧-૬-૨૦૧૯ દરમિયાન યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના લલિતકલા અકાદમી, રમતગમત કચેરી ગાંધીનગર અને સેકટર-૭ જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયના સહયોગથી ૬ થી ૧૪ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાયો હતો. જેમાં ૧૦૦ બાળકોએ પાંચ દિવસ દરમિયાન ચિત્રકામમાં મેમરી, પોટ્રેટ, કમ્પોઝીશન, કુદરતી દશ્ય, ક્રાફટ, વેસ્ટમાંથી બેસ્ટ, પેપર કટીંગ, પપેટ જેવા વિષયોનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ કર્યો હતો. જેમાં વિષય નિષ્ણાત સુરજ રામાવત અને પી.જી. પ્રજાપતિએ બાળકોને વર્કશોપમાં વિવિધ ટેકનીકસ શીખવી હતી. જેના પૂર્ણાહુતિ સમારંભમાં રમતગમત અધિકારી મહેશ ચૌધરી અને જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલનયા આચાર્ય મીનાબેન ચૌધરીના હસ્તે બાળકોને સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

## ડી માર્ટના મહિલા સિકયોરીટી ગાર્ડના વર્તન સામે હોબાળો

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં શોપિંગ મોલની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે અને આમ જોવા જઈએ તો ઘર વખરીની વસ્તુની ખરીદી માટે શહેરનું સે-૨૬માં આવેલું ડી માર્ટ જાણીતું છે. શહેરના ઘણા નાગરિકો પોતાની જરુરીયાતની ચીજવસ્તુઓ ડી માર્ટથી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. પરંતુ ડી માર્ટના બીલ ચેક કરતા મહિલા સિકયોરીટી ગાર્ડના વર્તન સામે ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ચીજવસ્તુઓમાં ડિસ્કાઉન્ટ આપવા માટે જાણીતા ડી માર્ટના એકિઝટ ગેટ પર બિલ ચેક કરતા મહિલા સિકયોરીટી ગાર્ડના વર્તન સામે શહેરીજનોએ નારાજગી વ્યકત કરી છે. જયારે ડી માર્ટમાંથી પાંચ છ હજારની ખરીદી કરી બે ટ્રોલીમાં સામાનભરી બહાર નીકળતો ગ્રાહક પાછળથી ધક્કા ખાતો ખાતો એકિઝટ ગેટ સુધી પહોંચે અને પરિસ્થિતિને સંભાળવા એક ટ્રોલી આગળ કરી બીજી ટ્રોલીને સંભાળતો બીલ બતાવે એ પહેલા તો ત્યાં ઉભેલા મહિલા સિકયોરીટી ગાર્ડ ગ્રાહક ઉપર જોર જોરથી બુમો પાડવાનું ચાલુ કરી દે છે અને અવ્યવસ્થિત રીતે ગ્રાહક સાથે વાત કરી વગર વાંકે ગ્રાહકોનું અપમાન કરે છે. જે વ્યકિત આટલી ખરીદી કરી શકતો હોય તે વળી કયાં મોલની કોઈ વસ્તુ બીલ બનાવ્યા વગર કે ચોરી કરી લઈ જવાનો હતો? આ એક સામાન્ય સમજવાની વાત છે અને છતાં ગ્રાહક જયારે વ્યવસ્થિત રીતે તેમને સમજાવવાનો પ્રયત્ન કરે ત્યારે તે વધુ જોરથી સામુ બોલી ગ્રાહકનું અપમાન કરે જ રાખે છે. એ સિવાયના ત્યાં સ્ટાફના અધિકારી પણ હાજર રહેતા તેઓ પણ સાચાનો સાથ આપ્યા કરતા પોતાના સ્ટાફના ખરાબ વર્તન અંગે કાંઈ બોલતા નથી અને ગ્રાહકને ખખડાવે છે. આ અંગે યોગ્ય પગલા લેવાય અને ગ્રાહકોની પરિસ્થિતિને માન અપાય તે અંગે શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

## રાજભવન સ્ટાફ કવાર્ટસ પાછળ મારામારીમાં સામસામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના રાજભવન સ્ટાફ કવાર્ટસની પાછળની બાજુએ બોરીજ ખાતે ગત રાત્રીએ મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. એક ફરીયાદમાં દારુનો ધંધો બંધ કરાવતા તો બીજાએ મિલકતની અદાવતમાં મારામારી થઈ હોવાનું ફરીયાદમાં જણાવ્યું છે. આ બનાવમાં સામસામે ૮ નાગરીકો સામે ફરીયાદ નોંધાઈ છે.

બનાવની મળતી વિગત મુજબ મહેશ રામાભાઈ રાવળની ફરીયાદ મુજબ તેમના ઘર પાસે છ માસ પહેલા બોરીજ કંપા ખાતે રહેતા સુરેશ ચંદુજી ઠાકોર તેમજ વિક્રમ મથુરજી ઠાકોર દારુ ગાળવાની પ્રવૃતિ કરતા હતા. આ પ્રવૃતિનો વિરોધ કરી ફરીયાદીએ તે બંધ કરાવી દીધી છે. જેની અદાવત રાખી ગત રાત્રીના આઠ વાગ્યાના અરસામાં વિક્રમ પોતાની ઈકો કાર નં. જી.જે.૧૮.બી.ઈ.૦૬૮૭ લઈને આવ્યો હતો. જેમાં સુરેશ તથા આકાશ ઈશ્વરજી ઠાકોર અને કાળુભાઈ લક્ષ્મણભાઈ રાવળ હતા. જેઓએ ફરીયાદી, તેમના કાકા અને પત્ની સાથે ઝપાઝપી કરીને ગળદાપાટુનો માર માર્યો હતો. તો સામે પક્ષે વિક્રમ મથુરજી ઠાકોરે નોંધાવેલ ફરીયાદ મુજબ તેમના સંબંધી કાળુભાઈ લક્ષ્મણભાઈ રાવળને મિલકત સંબંધી જુની અદાવતમાં બોલાચાલી થઈ હતી. જે મુદ્દે તેઓ કાળુભાઈ, સુરેશ ઠાકોર, અને આકાશ ઠાકોર ગાડીમાં મહેશ રાવળના ઘરે ગયા હતા અને તેઓ કંઈ કહે તે પહેલા મહેશ અને તેના પિતા રામાભાઈ, કાકા ધુળાભાઈ તેમ પત્ની અરુણાબેને ગાળાગાળી શરુ કરી દઈને તેઓને ગળદાપાટુનો માર માર્યો હતો. ફરીયાદી સહિતના ચારેય નાગરીકો ઈકો કારમાં બેસી જવા લાગતા તેઓએ છુટ્ટા પથ્થર મારતા ગાડીમાં કાચ ફુટી ગયા હતા. સેકટર-૨૧ પોલીસે બંન્નેની ફરીયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બીબીએ કોલેજ દ્વારા 'સેવ યૂથ ફ્રોમ ડિજિટલ ડિસ્ટ્રકશન' બાબતે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન



બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૨૪૫ વિદ્યાર્થીઓએ કોલેજ દ્વારા યોજાયેલ 'સેવ યુથ ફ્રોમ ડિજિટલ ડિસ્ટ્રકશન' નામે વર્કશોપમાં હાજર રહી તેનો લાભ મેળવ્યો હતો. જેમાં તજજ્ઞ વકતા આશિષ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજના ટેકનોલોજીના યુગમાં નેટ બેંકિંગ સહિતના અનેક ઉપલબ્ધ વિકલ્પો ના ઉપયોગ પહેલા ધ્યાનમાં લેવાની બાબતો વિષે તલસ્પર્શી છણાવટ કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને એનરોઈડ મોબાઈલ એપ્લીકેશનમાં ધ્યાન માં લેવાની બાબતો, સુરક્ષા બાબતે જે બાબતો ધ્યાને લેવાની જરૂર છે તે બાબતો જેમ કે ડેટા એક્સેસની મંજૂરી વખતે ધ્યાનમાં લેવાની બાબતો પર પણ પ્રકાશ પાડ્યો હતો. જેનાથી ઉપભોકતાનો ડેટા તેમજ ખાનગી માહિતી સુરક્ષિત રહે તેમજ નાણાકીય વ્યહવારોમાં પણ કોઈ પણ બાબતોની ગફલત થતી રોકી શકાય. વકતા દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યકિતનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા ટેકનિકલ રીતે કઈ બાબતોનું ધ્યાન રાખી અગ્રેસર થઈ શકે તે બાબતે માહિતી આપવામાં આવી હતી.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના, પ્રો.જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## સે-૨૮ દત્ત મંદિરે સોમવારે પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ભગવાન શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજની અસીમ કૃપાથી ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત શ્રી ત્રિમૂર્તિ દત્ત મંદિરને ગૌરવપૂર્ણ ૩૩ વર્ષ પૂર્ણ કરીને ૩૪ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યું છે. ત્યારે ૩૪ માં વર્ષની મંગળ ઉજવણીના ભાગરુપે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૧ થી ૨૪ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે શુક્ર અને શનિવારના રોજ મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે સેકટર-૨૮માં ધાર્મિક વાતાવરણનો માહોલ જામ્યો છે.

શ્રી ત્રિમૂર્તિ દત્ત મંદિર સેકટર-૨૮માં પાટોત્સવ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં તા. ૨૧ અને ૨૨ શુક્ર-ના રોજ પૂ.બાપજી રચિત પ્રાતઃસ્મરણ અને શનિવારના રોજ સાય સ્મરણ પર પ્રા.કુલીનભાઈ ઉપાધ્યાયનું પ્રવચન રાત્રે ૮ થી ૧૦ દરમિયાન યોજાયું હતું. જયારે તા. ૨૩ ને રવિવારના રોજ અવધુત પરિવારના સંગીતકાર મુકંદભાઈ ભટ્ટ, ભરતભાઈ મહંત, બીરજુ કંથારીયા અને તબલા સંગત, રંગદત્ત મહંતના અવધૂતી આનંદના ભજનો રાત્રીના ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે. જયારે તા. ૨૪ ને સોમવારના રોજ પાટોત્સવ નિમિતે સવારે ૮.૩૦ કલાકે નૂતન ધ્વજા રોહણ, હાથીજણ પરિવાર દ્વારા, સવારે ૯ કલાકે આચાર્ય સર્વદમનભાઈ (નારેશ્વર) દ્વારા શ્રી દત્તયાગ પ્રારંભ, સાંજે ૫ કલાકે આમંત્રિત મહેમાનોના આશિર્વાદ, સાંજે ૬ કલાકે શ્રી દત્તયાગ પૂર્ણાહુતી તેમજ સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવના ધાર્મિક પ્રસંગે સૌ ભાવિભકતોને દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



જન વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સેકટર-૬ની સેવા વસ્તીમાં બાળકોને કપડાં અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સહમંત્રી ભરતભાઈ આલસિકા, યુવા સામાજીક કાર્યકર વિજયસિંહ માજીરાણા, ભરતભાઈ ગજ્જર, ભરતસિંહ બારડ, યોગેન્દ્રસિંહ ચાવડા, જય સાકરીયા, વેદાંત વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જમીયતપુરાની ઝાડીઓમાંથી શેરથાના યુવકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીકથી પસાર થતી જમીયત પુરા નર્મદા કેનાલની બાજુમાં આવેલી ઝાડીઓમાંથી શેરથાના યુવકનો ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. શેરથાનો યુવાન સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો અને છેલ્લા પાંચ દિવસથી ઘરેથી નીકળી ગયો હતો. પરિવારના સભ્યોએ અડાલજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ પણ કરાવી હતી. ત્યારબાદ શનિવારના રોજ તેનો મૃતદેહ મળી આવતા શ્રમિક પરિવાર પર આભ તુટી પડ્યું હતું. મળતી વિગત મુજબ શેરથા ગામનો ૨૨ વર્ષિય યુવાન ચતુર તખતસિંહ ઠાકોર ગત તા.૧૭ જુનના રોજ ઘરેથી નીકળી ગયો હતો, જે અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ અને પરિવાર દ્વારા શોધખોળ આદરી હતી. ત્યારે શનિવારના રોજ ચાર વાગ્યાના અરસામાં યુવકનો મૃતદેહ અડાલજ પાસેના જમીયતપુરા કેનાલ નજીકની ઝાડીઓમાંથી મળી આવ્યો હતો. ઘટના અંગે અડાલજ પોલીસને જાણ કરવામાં આવતા એએસઆઈ સંદિપભાઈ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગયા હતા.યુવકના આપઘાતનું હાલ કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડામાં પીકઅપ સ્ટેન્ડ હટાવી લેતા મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા.૨૨

સરખેજથી ચિલોડા સિકસલેન માર્ગ બનાવવાનું કામ પૂર જોશમાં ચાલી રહ્યુ છે. જેમાં ચિલોડામાં ગાંધીનગર તરફ જવા માટે વર્ષોથી અડખમ ઉભેલું પીક અપ સ્ટેન્ડ તંત્રએ હટાવી લેતા મુસાફરો હેરાન પરેશાન થઈ ઉઠયા છે. સીટી કે એસ.ટી. બસ મેળવવા ફરજીયાત મુખ્ય માર્ગ ઉપર ઉભા રહેવું મુસાફરો માટે મજબૂરી બન્યું છે જેમાં જીવનું પણ જોખમ રહેલું છે. તંત્ર એ પીકઅપ સ્ટેન્ડ પાછળ ઉભું કરી મુસાફરોને રાહત થાય તેવું કર્યુ હોત તો ગરમી અને વરસાદમાં રક્ષણ મળી રહેત તેવી લાગણી ઉભી થઈ છે. મુસાફરો અને વાહનચાલકો માટે સિકસલેન જેવી તૈયાર થઈ રહેલી સુવિધા આવકારદાયક બની છે પરંતુ જે પ્રજાજન માટે સુવિધાની વ્યવસ્થા થતી હોય તેજ પ્રજાજનોને મુસાફરી માટે જીવ જોખમમાં મુકવો પડે તે કેટલે અંશે વ્યાજબી ગણાય તેવા વેધક સવાલો સથે રોષ ફાટી નીકળ્યો છે.




પીકઅપ સ્ટેન્ડ ન રહેતા હાલ સીકસલેન માર્ગની આડશો, ખાનગી વાહનો તેમજ રીક્ષાઓના જમાવડા વચ્ચે મુસાફરો માંડ જાહેર પરીવહનની વ્યવસ્થાનો ઉપયોગ કરી શકે છે. મહિલાઓ, વૃધ્ધો અને શાળા કોલેજ જતાં વિદ્યાર્થીઓ ખુબ જ હેરાન પરેશાન થઈ ઉઠયા છે. કાળઝાળ ગરમીમાં જ આ સ્ટેન્ડ હટાવી લેવાયું હતું તો હવે ચોમાસામાં પણ ભારે વરસાદ વચ્ચે પણ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોની હાલત કફોડી બનવાની દહેશત ઉભી થઈ છે. સરખેજથી ચિલોડા વચ્ચે આકાર લઈ રહેલા આ સિકસલેન માર્ગમાં ચિલોડાથી ગાંધીનગર વચ્ચેના તમામ સ્થળે વૃક્ષો સહિત તમામ અડચણો દૂર કરી દેવાઈ છે તો બીજી તરફ ટુકડે ટુકડે થઈ રહેલી કામગીરીમાં મૂળભૂત સુવિધાઓ ફરીથી ઉભી કરવામાં આવતી નથી જેથી મુસાફરો સહિત પ્રજાજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને ચિલોડામાં પીકઅપ સ્ટેન્ડ જલ્દીથી ઉભું કરાય તેવી માંગ ઉઠી છે.

## આજે મેરી આવાઝ સુનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શહેરીજનો પોતાના અવાજમાં ગીતોની રજુઆત કરી શકે અને તેમને સારું પ્લેટફોર્મ મળી રહે તે ઉદ્દેશથી આજે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો આયોજીત 'મેરી આવાઝ સુનો' કાર્યક્રમ યોજાશે. જેમાં ગાંધીનગર અને અમદાવાદના અનુભવી/બિન અનુભવી ગીત ગાવાના શોખીન દરેક ઈચ્છુક ભાગ લઈ શકે છે. આ કાર્યક્રમ આજે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪, સનરાઈઝ આર્કેડ, કુડાસણ ખાતે યોજાશે. વધુ માહિતી માટે ૮૮૪૯૪૫૪૪૦૫ પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## બીએસએનએલના પ્રશ્નોના નિરાકરણ માટે ૯મી જુલાઈએ વર્કશોપ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર અને ગ્રામીણ વિસ્તારના ભારત સંચાર નિગમ લિમિટેડના ગ્રાહકો માટે તા. ૯મી જુલાઈના રોજ ઓપનહાઉસ તથા કન્ઝયુમર એજયુકેશન વર્કશોપના કાર્યક્રમનું આયોજન સભાખંડ ટેલિફોન એકસચેન્જ, સે-૧૧ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. જે અંતર્ગત લેન્ડલાઈનની સમસ્યા, બીલની સમસ્યા હોય તો તે અંગેની અરજી તા. ૧ જુલાઈ ૨૦૧૯ સુધીમાં સબ ડીવીઝનલ એન્જિનિયર, ટેલિફોન એકસચેન્જ ભવન, સે-૧૧, ગાંધીનગર ખાતે મોકલી આપવા તથા વધુ માહિતી માટે ટે.નં. ૦૭૯-૨૩૨૨૭૦૦૦ અને ૦૭૯-૨૩૨૪૮૫૫૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## દિવ્યાંગ નેત્રહિનોના વિકાસ અર્થે સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

બાળકોમાં રહેલી સુશુપ્ત શકિતઓને બહાર લાવવાના હેતુથી તા. ૨૫ જૂનના રોજ સવારે ૯ કલાકે દિવ્યાંગ નેત્રહિન બાળકો માટે સુગમ સંગીત, મોબાઈલ એસ.એમ.એસ. અને રમત ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૧૬ સ્થિત અંધશાળા મુખ્ય શોપીંગ સેન્ટર બગીચાની પાછળ યોજાશે.

રાજય સરકારના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી સંચાલિત તથા એસ.એ.બી. સંચાલિત અંધશાળાના સહયોગથી આયોજીત કાર્યક્રમમાં સામાજીક કાર્યકર હંસરાજભાઈ પી. પટેલ અને જગદીશભાઈ બી. પટેલ તથા જિલ્લા રમત ગમત અધિકારી મહેશભાઈ એ. ચૌધરી ખાસ ઉપસ્થિત રહેશે.

### ચિરવિદાય

- સ્વ. મંજુબેન દશરથભાઈ દંતાણી, ઉ.વ. ૫૫
- સ્વ. દંતાણી લતાબેન વિજયભાઈ, ઉ.વ. ૩૨